# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૭/ક્વા-૦૩/૨૦૨૨-૨૩/ ૭૯૬૯-૩ | તારીખ : ૨૯ - ૧૧ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,

લુલાણીયા સલીમભાઈ ગફારભાઈ

કુલવાડી, શબ્બીર ફ્લોર મિલ, રાખોલિયા ચોક,

મું. પો. : ધોરાજી, તા. : ધોરાજી, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૪૧૦

મોબાઈલ : ૯૯૦૪૭૫૩૭૮૬

વિષય : વાણિજ્યિક વીજ જોડાણ રદ ન કરવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૧૨-૧૦-૨૦૨૨.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૭/ક્વા-૦૩/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, ધોરાજી.**

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ધોરાજી શહેર.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૭/ક્વા-૩/૨૨-૨૩/7969-3 તા. 29-11-22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૦૭/ક્વા-૩/૨૨-૨૩**

અરજદાર : લુલાણીયા સલીમભાઈ ગફારભાઈ ગામ: ધોરાજી

રજૂઆત કરનાર : અરજદાર લુલાણીયા સલીમભાઈ ગફારભાઈ હાજર રહેલ હતા.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – ધોરાજી

રજૂઆત કરનાર : શ્રી એમ.જે.લાલકીયા કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી ધોરાજી હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા
૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા
૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૧૧.૧૧.૨૦૨૨ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૧.૧૧.૨૦૨૨ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર વતી તેઓના એડવોકેટ, ચંદુલાલ એસ. પટેલ તેઓના અસીલ, લુલાણીયા સલીમભાઈ ગફારભાઈ, ઠે.કુલવાડી, શબ્બીર ફલોર મીલ મું.ધોરાજીવાળા તરફથી મળેલ જે અનુસંધાને અત્રેના ફોરમ દ્વારા અરજીની નોંધણી કરીને અરજદારને લેખિતમાં તા.૧૫.૧૦.૨૦૨૨ થી જાણકારી આપેલ તે મુજબ નામદાર જીઈઆરસીના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલના નોટીફીકેશન નં. ૦૨ / ૨૦૧૯ ના ક્લોઝ નં ૨.૪૩ થી વાકેફ કરેલ. ત્યારબાદ અરજદારે તા.૧૮-૧૦-૨૦૨૨ ના પત્ર થી અરજદારે ફરીથી નીચે મુજબ રજૂઆત કરેલ.

૨.૧ અરજદારને ધોરાજીમાં કુલવાડી વિસ્તારમાં તેમના બાપ-દાદા વખતથી ભાડાવાળી દુકાનમાં ફલોર મીલમાં પીજીવીસીએલ દ્વારા ગ્રાહક નં. ૩૩૭૦૧/૦૦૫૮૭/૭ થી વીજજોડાણ આપવામાં આવેલ છે અને નિયમીત વિજબીલ ભરપાઈ કરેલ છે.

૨.૨ અગાઉ અરજદારના પિતાશ્રી સદર ભાડાવાળી જગ્યામાં ફલોરમીલ ચલાવતા હતા અને મકાન માલિકનું અવસાન થતાં અરજદારના પિતાશ્રીની તબિયત દુરસ્ત રહેતા તા.૨૭-૧૦-૧૯૮૬ થી ફલોર મીલ ચલાવવા સલીમભાઈ ગફારભાઈ લુલાણીયા ને હક્ક આપેલ જેનું લખાણ સ્ટેમ્પ પેપર પર થયેલ છે.

૨.૩ ત્યારબાદ તા.૧૩.૦૬.૨૦૧૪ માં વીજભાર વધારાની સુચના પીજીવીસીએલ દ્વારા મળતા નિયમાધીન વીજભાર વધારો પણ મેળવેલ છે.

૨.૪ ઉપરોક્ત વીજજોડાણના તમામ વીજબીલ ભરપાઈ કરેલ છે. તેમજ મકાન માલિકને ભાડું પણ ચૂકવતા અને તેની પહોચ પણ લીધેલ છે, તેમ છતાં મકાન માલિકના પુત્ર મકસુદભાઈ હારૂનભાઇ લાઠીયા દ્વારા સદર ભાડા વાળી મિલકત ખાલી કરાવવા પીજીવીસીએલ ધોરાજીમાં સદર વીજજોડાણ રદ કરવા તા.૧૫-૦૯-૨૦૨૨ ના અરજી આપી ખોટી હકીકતો દર્શાવી વિજકનેકશન રદ કરવા માંગણી કરતા ધોરાજી પી.જી.વી.સી.એલ. તરફથી પત્ર નં. **DTSD/REV/3209** તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ થી લેખિતમાં જાણ કરવામાં આવેલ અને જરૂરી આધાર-પુરાવાઓ રજુ કરવા જણાવેલ અન્યથા વિજજોડાણ રદ કરી નાખવા જાણ કરવામાં આવેલ છે, પરંતુ વિજજોડાણ અરજદારના નામનું છે અને હજુ કોઈકોર્ટ દ્વારા ભાડુઆત તરીકે બંધ પડાયેલ નથી અને આજદિન સુધીના તમામ વિજબીલ તથા નગરપાલીકાના વેરાઓ ભરપાઈ કરેલ છે.

૨.૫ ત્યારબાદ અરજદારના મકાન માલિકના પુત્ર મકસુદભાઈ દ્વારા વીજજોડાણ રદ કરવાની અરજી અંગેની કાર્યવાહી ન કરવા અરજદારે ધોરાજી પી.જી.વી.સી.એલ. કચેરીને તા.૦૬/૧૦/૨૦૨૨ ના રોજ કાનુની નોટીસ પાઠવેલ, તે મુજબ સ્થળ તપાસ માટે પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા પંચ રોજકામ કરેલ તેમજ બધાની સહીઓ લીધેલ એટલી કાર્યવાહી કરાવી નાયબ ઈજનેર સાહેબને નોટીસ હાથોહાથ આપતા તેઓએ સદર કનેકશન કાપેલ નહી, સદર બાબતે અરજદારે ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે ગ્રાહક શ્રી લુલાણીયા સલીમભાઈ ગફારભાઈ ગ્રાહક નંબર ૩૩૭૦૧/૦૦૫૮૭/૭ કનેક્શન તા.૦૧.૦૭.૧૯૬૦ ના રોજ ગફાર ગની ઘાંચીના નામથી વીજજોડાણ ભાડુઆત તરીકે આપવામાં આવેલ અને જગ્યાના માલિક તરીકે લાઠીયા હારૂનભાઈ અબ્દુલ્લાહભાઈ હતા.

3.૧ ત્યારબાદ વર્ષ ૨૦૧૭ માં 3PH (3Q) વીજજોડાણ માટે મીનીમમ ૬.૫KW લોડ રાખવો જરૂરી હોઈ તે મુજબ ધોરાજી શહેર પેટાવિભાગીય કચેરી દ્વારા સદર ગ્રાહકને લોડવધારા માટે નોટીસ આપેલ. જે નોટીસના અનુસંધાને તે કનેક્શનમાં લોડવધારો કરવા માટે તા.૧૬.૦૯.૧૭ ના રોજ સદર ગ્રાહકના વારસદાર પુત્ર આવતા જે નામનું કનેક્શન છે તે ગ્રાહકની સહી કરવાનું કહેતા તે ગ્રાહક હયાત નથી તેઓ ગ્રાહકના વારસદાર પુત્ર છે તેવું જણાવેલ અને તેમના પિતાશ્રી ગફારભાઈ ગનીભાઈ ઘાંચી જગ્યાના ભાડુઆત હોઈ અને હાલ અવસાન પામેલ હોઈ લોડ વધારો કરવા માટે પ્રથમ નામ ટ્રાન્સફર કરાવવું જરૂરી હોઈ સદર જગ્યાના માલિકની નામ ટ્રાન્સફર માટે નોટરાઈઝડ સંમતિ જે તે સમયે રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર માંગવામાં આવેલ. જે અરજદાર દ્વારા આપવાની જગ્યાએ પોતાની સેલ્ફ સંમતિ રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર રજુ કરેલ જેમાં જણાવ્યા મુજબ જગ્યાના માલિક દ્વારા ભવિષ્યમાં સદર વીજજોડાણ બાબતે જગ્યાના માલિક દ્વારા વાંધો કે તકરાર લેવામાં આવશે તો PGVCL ઉપરોક્ત સદર વીજજોડાણ તેમના નામેથી રદ કરવા / કાપવા હકદાર રહેશે. પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અરજદાર તેમજ તેમના વંશ વારસોને બંધનકર્તા રહેશે તેવી સ્પષ્ટ બાહેંધરી આપેલ. ત્યારબાદ નામ ટ્રાન્સફર તેમજ લોડ વધારાની અરજીની કાર્યવાહી કરેલ હતી.

૩.૨ ત્યારબાદ ફરી સદર અરજદાર દ્વારા તા.૧૯.૦૨.૨૦૨૧ ના રોજ લોડવધારાની અરજી કરેલ જે અરજી મુજબ લોડ વધારો કરી આપેલ હતો.

૩.૩ ત્યારબાદ તા.૧૫/૦૯/૨૨ ના રોજ લાઠીયા હારૂનભાઈ અબ્દુલ્લાહભાઈ કે જે જગ્યાના માલિક છે. તેમનું પણ અવસાન થયેલ હોઈ તેમના વારસદાર પુત્ર મકસુદ અહેમદ હારૂન લાઠીયા દ્વારા કનેક્શન રદ કરવા માટેની અરજી કરેલ. જે અરજીના અનુસંધાને ધોરાજી શહેર વિભાગીય કચેરી દ્વારા જગ્યાના માલિક તરીકે અરજી કરનાર મકસુદ અહેમદ હારૂન લાઠીયા તથા જગ્યાના ભાડુઆત સલીમભાઈ ગફારભાઈ લુલાણીયા ને પત્ર લખી જરૂરી આધારપુરાવા રજુ કરવા જણાવેલ. જે અનુસંધાને તા.૧૫-૧૦-૨૦૨૨ ના રોજ જગ્યાના વારસદાર પુત્ર મકસુદ અહેમદ હારૂન લાઠીયા દ્વારા સીટી સર્વે ની વારસાઈ એન્ટ્રી પડાવવા માટેની ૧૩૫ડી હેઠળની નોટીસની નકલ તેમજ વારસાઈ આંબો રજુ કરતા ધોરાજી શહેર પેટાવિભાગીય કચેરીના નાયબ ઇજનેરશ્રી દ્વારા જરૂરી સ્થળ રોજકામ કરી જગ્યાના માલિકના વારસદાર પુત્ર ની વાંધા અરજીના આધારે તેમજ ફોરમ સમક્ષ અરજી કરનાર અરજદારશ્રી સલીમભાઈ ગફારભાઈ લુલાણીયાની અગાઉ આપેલ નોટરાઈઝડ સંમતિ ના આધારે (ભવિષ્યમાં જગ્યાના માલિક દ્વારા નામ ટ્રાન્સફરબાબતે વાંધો લેવામાં આવે તો સદર વીજ જોડાણ રદ કરવું) શ્રી લુલાણીયા સલીમભાઈ ગફારભાઈ ગ્રાહક નંબર ૩૩૭૦૧/૦૦૫૮૭/૭ નું કનેક્શન સ્થળ પરથી તા.૧૫-૧૦-૨૦૨૨ ના રોજ રોજકામ કરી જેમાં જગ્યાના માલિકના વારસદાર પુત્ર (મકસુદભાઈ) અને ભાડુઆત ના વારસદાર પુત્ર (સલીમભાઈ) ની તેમજ ૦૨ સાક્ષીઓ હાજરીમાં તે બંને તેમજ સાક્ષીઓની સહી કરી નાયબ ઈજનેરશ્રી શહેર પેટાવિભાગીય કચરી ધોરાજી દ્વારા ગેટપાસ નં. ૦૦૦૮૩૮ થી રદ કરી મીટર સર્વિસ જમા કરેલ છે.

**::હુકમ::**

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર વતી તેઓના એડવોકેટ, ચંદુલાલ એસ. પટેલ તેઓના અસીલ, લુલાણીયા સલીમભાઈ ગફારભાઈ, ઠે.ફુલવાડી, શબ્બીર ફલોર મીલ મું.ધોરાજીવાળા તરફથી મળેલ જે અનુસંધાને અત્રેના ફોરમ દ્વારા અરજીની નોંધણી કરીને અરજદારને લેખિતમાં તા.૧૫-૧૦-૨૦૨૨ થી જાણકારી આપેલ તે મુજબ નામદાર જીઈઆરસીના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલના નોટીફીકેશન નં. ૦૨ / ૨૦૧૯ ના કલોઝ નં ૨.૪૩ થી વાકેફ કરેલ. ત્યારબાદ અરજદારે તા.૧૮-૧૦-૨૦૨૨ ની લેખિત ફરિયાદ ફરીથી ફોરમ સમક્ષ રજુ કરેલ તે મુજબ ફરિયાદી અરજદાર ગ્રાહક નં ૩૩૭૦૧-૦૦૫૮૭-૭ થી એન.આર.જી.પી. ટેરીફનું ૧૨ KW નું વીજ જોડાણ લુલાણીયા સલીમભાઈ ગફારભાઈના નામે ધરાવે જેના વીજબીલ માહે સપ્ટેમ્બરે-૨૦૨૨ ની નકલ અને નીચે મુજબના આધાર-પુરાવા રજુ કરેલ છે.

(૧) ધોરાજી નગર પાલિકા વોર્ડ નં -૬, આકારણી નં -૩૯૮૧ વેરા ભર્યાની પહોચ નં ૧૧૧૮૭ તા.૦૨.૦૧.૨૦૨૧ જેમાં કર ભરનારનું નામ લાઠીયા હારૂનભાઈ અબ્દુલ્લાહભાઈ અને ભોગવટેદાર નું નામ ધાંચી ગફારભાઈ ગનીભાઈ, સરનામું : ફૂલવાડી ની વેરા પહોચ રજુ કરેલ છે.

(૨) ધોરાજી નગર પાલિકા દ્વારા જારી કરેલ શોપ રજી. નં- A-1176 તારીખ-૩૦-૪-૨૦૧૮ આરંભ તા.૦૧-૦૨-૨૦૦૦ અને પેઢીનું નામ : શબ્બીર ફ્લોરમીલ જેમાં પ્રોપરાઈટર તરીકે સલીમભાઈ ગફારભાઈ ધાંચી, ધંધા નો હેતુ અનાજ દળવાની ઘંટી, સરનામું : ફૂલવાડી રોડ ધોરાજી રજી. માન્યતા તારીખ : ૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૨ નોંધાયેલ છે.

(૩) રૂ.૧૦/- ના સ્ટેમ્પપેપર પર ફ્લોરમીલ સોપી આપવાની કબુલાત દસ્તાવેજ અનુક્રમ નં - ૨૩૪૮ તા.૨૭.૧૦.૧૯૮૬ માં લખી આપનાર શ્રી ગફાર ગણી ઘાંચી અને લખાવી લેનાર સલીમ અ.ગફાર લુલાણીયા – ધોરાજીના ફૂલાવડી વિસ્તારમાં આવેલ શબ્બીર ફ્લોરમીલનો કબ્જો સોપેલ જેની નકલ રજુ કરેલ છે.

(૪) ગફારભાઈ ગનીભાઈ ગાજીભાઇ લુલાણીયા ઘાંચીનું મરણ તા.૧૬.૦૪.૧૯૯૩ ના પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે.

૪.૨ અરજદારની ફરિયાદ મુજબ સદર વીજજોડાણના વીજબીલ નિયમિતપણે ભરપાઈ કરવા છતાં ભાડાવાળી સદર મિલકત ખાલી કરાવવા મકાન માલિકના પુત્ર મકસુદભાઈ હારુનભાઈ લાઠીયા દ્વારા સદર વીજજોડાણ રદ કરવા તા.૧૫.૦૯.૨૦૨૨ થી વીજજોડાણ રદ કરવાની ખોટી હકીકતો દર્શાવી પીજીવીસીએલ દ્વારા તા.૨૬.૦૯.૨૦૨૨ થી ફરિયાદી અરજદારને સદર વીજજોડાણના જરૂરી આધાર-પુરાવા રજુ કરવા જણાવેલ પરંતુ સદર મીલ્કત ભાડુઆત તરીકે નિયમાધીન ચૂકવેલ છે જેથી કાયદાકીય કાર્યવાહી અનુસર્યા વગર વીજજોડાણ રદ ન કરવા રજૂઆત કરેલ છે, જે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૧૫.૧૦.૨૦૨૨ ના રોજ મકસુદભાઈ અહમદભાઈ હારુન લાઠીયા (માલિકના વારસદાર), સલીમભાઈ ગફારભાઈ લુલાણીયાની હાજરીમાં રોજકામ કરેલ તે મુજબ સદર ફ્લોરમિલ ગ્રાહક નં ૩૩૭૦૧-૦૦૫૮૭-૭ નું વીજજોડાણ રદ કરવાની કામગીરી હાથ ધરેલ છે, વીજજોડાણનો વીજપુરવઠો રદ થયે આગળના તમામ ઉપસ્થિત થનાર પ્રશ્નો મકાન માલિક તથા ભાડુઆતના રહેશે, સદર બાબતે ફરિયાદી અરજદાર દ્વારા વીજજોડાણથી વંચિત ન રહે તે બાબતે ઘટતું કરવા ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.૩ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત તા.૦૧.૧૧.૨૦૨૨ મુજબ ફરિયાદી અરજદારશ્રી લુલાણીયા સલીમભાઈ ગફારભાઈ ગ્રાહક ૩૩૭૦૧-૦૦૫૮૭-૭ વીજજોડાણ તા.૦૧.૦૭.૧૯૬૦ ગફાર ગની ઘાંચીના નામથી વીજજોડાણ ભાડુઆત તરીકે આપવામાં આવેલ અને જગ્યાના માલિક તરીકે લાઠીયા હારૂનભાઇ અબ્દુલ્લાભાઈ હતા, ત્યારબાદ સદર વીજજોડાણમાં વીજભાર વધારોની જરૂરીયાત હોવાથી ગફાર ગની ઘાંચી જગ્યાના ભાડુઆત હોય અને અવસાન પામેલ હોય તેમના વારસદાર પુત્ર ફરિયાદી અરજદાર હોય, તેઓ દ્વારા સદર નામ બદલી માટે જે તે સમયે રૂ.૧૦૦/- ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર સમંતિ આપેલ તે મુજબ જગ્યાના માલિક દ્વારા ભવિષ્યમાં સદર વીજજોડાણ બાબતે વાંધો કે તકરાર લેવામાં આવશે તો પીજીવીસીએલ સદર વીજજોડાણ તેઓના નામેથી રદ કરવા / કાપવા હક્કદાર રહેશે, જે અંતર્ગત તા.૧૯.૦૨.૨૦૨૧ ના વીજભાર વધારાની અરજી મુજબ વીજભાર વધારો મંજુર કરેલ હતો. ત્યારબાદ તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ લાઠીયા હારૂનભાઇ અબ્દુલ્લાભાઈ કે જે જગ્યાના માલિક છે તેઓનું અવસાન થયેલ હોય તેમના વારસદાર પુત્ર મકસુદ અહમદહારુન લાઠીયા દ્વારા સદર વીજજોડાણ રદ કરવાની અરજી કરેલ, જે અનુસંધાને પીજીવીસીએલની શહેર પેટાવિભાગીય કચેરી ધોરાજી દ્વારા તા.૨૯.૦૯.૨૦૨૨ ના લેખિત પત્ર દ્વારા સદર જગ્યાના માલિકી હક્ક દર્શાવતા આધાર-પુરાવા રજુ થયે આગળની કાર્યવાહી થઇ શકશે જે અન્વયે સદર સ્થળના રોજકામ તા.૦૬.૧૦.૨૦૨૨ ના રોજ મક્સુદ અહમદહારુન લાઠીયા હાજર ન રહેતા તા.૧૫.૧૦.૨૦૨૨ ના રોજ હાજર રહેતા સદર જગ્યાનું રોજકામ કરવામાં આવેલ જેમાં જગ્યાની માલિકીની સીટી સર્વેની નકલ તથા વારસાઈ પેઢીનામું રજુ કરેલ જે મુજબ જગ્યાના માલિક હોવાની જરૂરી ખરાઈ કર્યા બાદ, સદર વીજજોડાણ સલીમભાઈ ગફારભાઈ લુલાણીયા દ્વારા અગાઉ આપેલ સમંતિના આધારે રદ કરી વીજ મીટર તથા માલસામાન ગેટપાસ નં - ૮૩૮ તા.૧૫.૧૦.૨૦૨૨ થી ઉતારેલ છે જે વીજ કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરેલ છે, જે અનુસંધાને

ફરિયાદી અરજદાર લુલાણીયા સલીમભાઈ ગફારભાઈ દ્વારા વીજજોડાણથી વંચિત ન રહે તેમજ ફ્લોરમિલ ચલાવીને કુટુંબનું ગુજરાન ચલાવતા હોય યોગ્ય ન્યાય મળવા અંગેની ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૪ સદર કેસની સુનાવણી તા.૧૧-૧૧-૨૦૨૨ નાં રોજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ધોરાજીના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં રે.દી. કેશ નં – ૨૯/૨૦૨૨ ની પીટીશન રજુ કરેલ તે મુજબ વાદી તરીકે લુલાણીયા સલીમભાઈ ગફારભાઈ અને પ્રતિવાદી તરીકે પીજીવીસીએલ નાયબ ઈજનેર શહેર પેટા વિભાગીય કચેરી દર્શાવેલ છે, તે મુજબ વાદી દ્વારા સદર વીજજોડાણ ચાલુ રાખવા રજૂઆત કરેલ છે, જે હાલ ન્યાયિક પ્રકિયા હેઠળ પડતર છે. વધુમાં અરજદાર દ્વારા એક જ બાબતે ન્યાય મેળવવા માટે બે જગ્યાએ રજૂઆત કરેલ છે તે હકીકત સદર કેસમાં માલૂમ પડેલ છે આ સંજોગોમાં કોઈ વ્યક્તિ કે અરજદાર એકને એક ન્યાય મેળવવા માટે બે જગ્યાએ રજૂઆત કરી શકતી નથી તેની પણ ફોરમ દ્વારા નોંધ લેવામાં આવી છે.

૪.૫ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલશ્રીના નોટીફીકેશન નં – ૦૨/૨૦૧૯ ના મુદ્દા નં – ૨.૩૩ (૧) મુજબ અન્ય કોર્ટ કે લવાદમાં જે કેઈસ ન્યાયિક પ્રકિયા હેઠળ ચાલુ / પડતર હોય તે અત્રેના ફોરમના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય નહિ.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |